પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 08-10-2024 MIDDAY : 2.30 to 2.35pm

Day : TUESDAY Regional News

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર સિમ્પલ ઠક્કર વાંચે છે.

---

-------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

Kashmir And Haryana Election

જમ્મુ કાશ્મીર અને હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે મતગણતરી ચાલી રહી છે. અત્યાર સુધીનાં વલણો પ્રમાણે જમ્મુ કાશ્મીરમાં જમ્મુ કાશ્મીર નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસની સંયુક્ત તથા હરિયાણામાં ભારતીય જનતા પાર્ટીની સરકાર બનવા જઈ રહી છે. જમ્મુ કાશ્મીરમાં ભૂતપુર્વ મુખ્યમંત્રી અને નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબદુલ્લા બડગામ અને ગાંદરબાલ એમ બંને બેઠકો પર આગળ છે.

દરમિયાન, હરિયાણામાં ભારતીય જનતા પાર્ટી સતત ત્રીજી વાર સરકાર બનાવવા જઈ રહી છે.

-------------------

GANDHINAGAR LIGHTING

રાજ્યમાં વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે પાટનગર ગાંધીનગર રોશનીથી ઝળહળી ઊઠ્યું છે. ગુજરાત વિધાનસભા, સચિવાલય, મહાત્મા મંદિર,

સેન્ટ્રલ વિસ્ટા બગીચા સહિત વિવિધ સરકારી ઈમારતોને રોશનીનો શણગાર કરાયો છે. આવા મનમોહક દ્રશ્યો જોઈને શહેરીજનોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે રાજ્યમાં વિવિધ જીલ્લાઓમાં વિકાસ સપ્તાહની ઉજવણી થઇ રહી છે. જે અતર્ગત અરવલ્લી જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને જિલ્લાની તમામ કચેરીમાં વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.. અરવલ્લી જિલ્લાની તમામ કચેરીઓમાં અધિકારીઓ અને કર્મચારીઓએ લીધી ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી હતી.

સાથોસાથ વિકાસ સપ્તાહ અંતર્ગત મહેસાણા નિવાસી અધિક કલેકટરના વડપણ હેઠળ  ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવી હતી..

-------------------

BANASKANTHA-TERA TUJKO ARPAN

બનાસકાંઠા જિલ્લામાં દિયોદર ડિવિઝન પોલીસ મથક ખાતે તેરા તુજ કો અર્પણ કાર્યક્રમ યોજાયો.

આ કાર્યક્રમમાં ચોરાયેલા ગુમ થયેલા મોબાઈલ અને વાહનો મળી આવતા પરત આપવા માટેનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.જેમાં દિયોદર પોલીસ સ્ટેશન વિસ્તારના 24 મોબાઇલ અને એક ગાડી પરત મળી આવતા મૂળ માલિકોને બોલાવી પરત આપવામાં આવી હતી. અંદાજિત કિંમત 5 લાખ 52 નો મુદ્દામાલ જપ્ત કરી મૂળ માલિકોને પરત આપવામાં આવ્યો હતો.

આમ ચોરાયેલા અને ગુમ થયેલ મોબાઈલો પોલીસે ટૂંક સમયમાં રિકવર કર્યા હતા અને મૂળ માલિકોને પરત આપ્યા હતા.

-------------------

MEHSANA TREE

મહેસાણાથી વિજાપુર સુધી રાજમાર્ગની બંને તરફ ચાર હજારથી વધુ વૃક્ષ ઉછેરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. મહેસાણાના અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે કે, વન વિભાગ જિલ્લાના 6 મુખ્ય માર્ગને વૃક્ષોથી લીલોતરું કરશે. જ્યારે પાંચ માર્ગ પર વૃક્ષોનો ઉછેર કરીને ગ્રીન કોરિડોર બનાવાશે. આ વૃક્ષોથી 500 ટનથી વધુ ઑક્સિજન મળશે. આ પહેલા મહેસાણા-વિજાપુર રાજમાર્ગને ગ્રીન ટ્યૂબવેલનો દરજ્જો મળ્યો હતો, પરંતુ ચાર માર્ગીય રાજમાર્ગ બનાવતા વૃક્ષો કાપી નખાયા હતા. હવે ફરીથી વૃક્ષોની વાવણીથી ગ્રીન ટ્યૂબવેલનો દરજ્જો પરત મળશે.

-------------------

BOTAD DEMOLITION

બોટાદ જિલ્લાના બરવાળા તાલુકામાં સરકારી જમીન પરના ગેરકાયદે 130 જેટલા પાકા અને કાચા બાંધકામ દૂર કરાયા છે. બોટાદના અમારા પ્રતિનિધિ પ્રકાશ ભિમાણી જણાવે છે કે, ‘બરવાળાના મુખ્ય રાજમાર્ગ અમદાવાદ—ભાવનગર રાજમાર્ગ રોડ પર 30 વર્ષથી વધુ સમયથી સરકારી જમીન પર ગેરકાયદે બાંધકામ હોવાનું જણાયું હતું. આ જમીન પરના અઢી કિલોમીટરના અંતરમાં 20 હજાર સ્ક્વ્યેર કિલોમીટર જગ્યા પરના 130 જેટલા મકાન હટાવાતાં કરોડો રૂપિયાની જમીન ખાલી થઈ છે. શાંતિપૂર્ણ રીતે સ્વેચ્છાએ લોકોએ દબાણ હટાવાતા મામલતદારે લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

-------------------

DAMAN - VANYAJIV SAPTAH

દમણ વન વિભાગ દ્વારા ૭૦મા 'વન્યજીવ સપ્તાહ'ના ઉપલક્ષમાં જમ્પોર ખાતે "વન્યજીવ" જાગૃતિ રેલી યોજાઇ ગઈ.

જેમાં પરિયારી શાળાના ૫૦ બાળકોએ ભાગ લીધો હતો. આ રેલીના માધ્યમથી વન્યજીવની જાળવણી અને તેના રક્ષણ માટેની જાગૃતિ કેળવવામાં આવી હતી. રેલી બાદ બાળકોને પક્ષીઘરની મુલાકાતમાં બાળકોને વિવિધ વિદેશી પક્ષીઓ બતાવી તેના વિશે માહિતગાર  કરવામાં આવ્યા હતા.

-------------------

MUMBAI – Bullet Train

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોર પરના બધા સ્ટેશનો આધુનિક અને અદ્યતન સુવિધાઓ અને માહિતી પ્રણાલીઓથી સજ્જ હશે. ટિકિટિંગ, વેઇટિંગ એરિયા, બિઝનેસ-ક્લાસ લાઉન્જ, નર્સરી, શૌચાલય, માહિતી બૂથ, છૂટક કેન્દ્રો વગેરે સ્ટેશનો પર ઉપલબ્ધ રહેશે.

કોરિડોરના તમામ 12 સ્ટેશનો પર કુલ 90 ઉર્જા કાર્યક્ષમ એસ્કેલેટર લગાવવામાં આવશે. ગુજરાતમાં 8 સ્ટેશનો પર 48 અને મહારાષ્ટ્રમાં 4 સ્ટેશનો પર 42  એસ્કેલેટર લગાવવામાં આવશે.

-------------------

GANDHINAGAR NAVRATRI GARBA

નવરાત્રિના પાંચમા દિવસે ખેલૈયાઓ મન મૂકીને ગરબે ઝૂમ્યા હતા.

ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, 'શહેરના મોટા ગરબા મહોત્સવ કેસરિયા ગરબામાં ગાયકોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લખેલા "આવતી કળાય માડી આવતી કળાય"ની પ્રસ્તુતિ કરી હતી.' ગરબામાં આ વર્ષે પણ QR કોડ સ્કેન થકી અને ચહેરા ઓળખ કરતી ટેક્નોલોજીનો ઉપયોગ કરી ખેલૈયાઓ

વ્યવસાયિક તસવીરકારોએ પાસેથી વિનામૂલ્યે પોતાની તસવીર ફોનમાં લઈ શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

-------------------

MAHESANA VAVETAR

મહેસાણા જિલ્લામાં આ વખતે ચોમાસામાં સારો વરસાદ વરસ્યો હતો..ત્યારે જિલ્લામાં 2 લાખ 84 હજાર હેકટરમાં વાવેતર થઈ ગયું છે. જિલ્લાના 10 તાલુકાઓમાંથી 8 માં અનુમાન કરતા વધુ વરસાદ થયો છે. દિવેલાના પાકનું 3 હજાર 682 હેકટર જમીન માં જ્યારે કપાસનું 4 હજાર 283 હેકટર માં વાવેતર થયેલુ છે. ડાંગરમાં 8 હજાર 100 હેકટરમાં અડદના પાકમાં 1 હજાર 971 હેકટરમાં ઘાસચારાનું 4 હજાર 189 હેકટરમાં, ધાન્ય પાકોનું 11 હજાર 833 હેકટરમાં વાવેતર થયેલૂ છે.

-------------------